જીલ્લા કક્ષાના ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન ગોધરા
જિ.પંચમહાલના મકાન બાંધકામ માટે નકશા અને અંદાજોને
આધારે સુધારેલ વહીવટી મંજૂરી આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૭ /૬/૨૦૧૬.

વંચાણે લીધાં

(૧) સા.ન્યા.અને અ.વિની તા.૩૧-૮-૨૦૧૨ના ઠરાવ ક્રઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ

(૨) માર્ગ અને મકાન વિભાગના તા.૧૧-૫-૨૦૧૬ ના પત્ર ક્રઃ બીડીજી- ૪૯-૨૦૧૪ -૩૫૬૨-ન

ઠ રા વ

જીલ્લા કક્ષાએ ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન, ગોધરા, જિ.પંચમહાલ ખાતે ભવન ના બાંધકામ માટે સરકાર દ્વારા ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-(૧) ના ઠરાવ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. આમુખ ક્રમ-(૨) માં માર્ગ અને મકાન વિભાગના તા.૧૧-૫-૧૬ ના દર્શાવેલ પત્રથી સુધારેલ નકશા- અંદાજોની દરખાસ્ત રજુ કરેલ જે મુજબ સુધારેલ દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

જીલ્લા કક્ષાના ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન, ગોધરા, જિ.પંચમહાલ ના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તૈયાર કરેલ રૂ.૧,૫૩,૦૨,૭૦૦/- લાખ (અંકે રૂપિયા એક કરોડ ત્રેપન લાખ બે હજાર સાત સો પુરા) ના નકશા-અંદાજોને સુધારેલી વહીવટી મંજૂરી નીચેની શરતો ને આધીન આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૬-૧૭ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૩) ઉપરોક્ત મંજૂર કરવામાં આવેલ રકમથી ખર્ચ વધવા ન પામે તેની તકેદારી સંબંધિત કચેરીએ રાખવાની રહેશે. .

આ અંગેનું ખર્ચ અંદાજપત્ર ના મુખ્ય સદર- ૪૨૨૫, અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર – 03- પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર- (૦૧) – બીસીકે-૪૯ – ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધકામ હેઠળ ઉધારવું અને તે હેઠળ થયેલ જોગવાઇ માંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંક ની ફાઇલ પર નાણા વિભાગની તા.૨-૬-૨૦૧૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દીક્ષિત જોષી )

સેકશન અધિકારી,

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નાણા સલાહકારશ્રી(સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

કાર્યપાલક ઇજનેર શ્રી, માર્ગ અને મકાન વિભાગ, ગોધરા, જિ.પંચમહાલ

ઠરાવ-3 doc

નાયબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ની કચેરી, ગોધરા, જિ.પંચમહાલ

જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત ગોધરા, જિ.પંચમહાલ

સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા વિનંતી.

સિલેક્ટ ફાઇલ.

ઠરાવ-3 doc